દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

રવિવાર ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૬

# દુનિયાભરમાં લોરેન્સ બિશ્નોઈનું નેટવર્ક આ ગેંગસ્ટર્સ ચલાવે છે

તાજેતરમાં કેનેડા સરકારને ધમકી આપીને લોરેન્સ બિશ્વનોઇ ગેંગે કહ્યું છે કે કેનેડમાં અમારુ જ રાજ છે. જો કે સાચી વાત એ છે કે, સમગ્ર દુનિમાયમાં તેનું નેટવર્ક ફેલાયું છે. કેનેડામાં આ ગેંગનું સૌથી મોટુ નેટવર્ક છે. અહીં આ ગેંગ સતિંદરજીત સિંહ ઉર્ફે ગોલ્ડી બ્રાર ઓપરેટ કરે છે. જો કે હાલમાં બંને વચ્ચે દરાર પડી હોવાના પણ અહેવાલ છે. ગોલ્ડી બ્રાર અહીં રહીને નોર્થ અમેરિકન ફ્રેન્ચાઇઝી ચલાવે છે અને કિલર્સ/શૂટર્સની ગોઠવણ કરે છે. તેની સાથે ગોલ્ડી ધિલ્લોન જેવા સબ-કોન્ટ્રાક્ટર્સ પણ કેનેડામાં સ્થાનિક યુવાનોને ગેંગમાં ભરતી કરીને ખંડણીનું નેટવર્ક ચલાવે છે. અમેરિકામાં પણ આ ગેંગ સક્રિય છે. ગોલ્ડી ધિલ્લોન સામે પંજાબ અને ચંદીગઢમાં તેની સામે હત્યાના પ્રયાસ, લૂંટ, હથિયાર કાયદા (Arms Act) હેઠળ અને ખંડણી વસૂલવાના અનેક કેસો નોંધાયેલા છે. કેનેડા ભાગી ગયા પછી તે ગોલ્ડી બ્રાર અને રોહિત ગોદારાનો મુખ્ય સહયોગી બની ગયો હતો. ભારતમાં યુવાનોને પૈસા કે હથિયારોની લાલચ આપીને 'શૂટર્સ' તરીકે ભરતી કરવામાં તે મહત્વની ભૂમિકા ભજવે છે. દિલ્હી, પંજાબ, હરિયાણા અને રાજસ્થાનના મોટા વેપારીઓ, બિલ્ડરો અને ક્લબ ઓનર્સને ઇન્ટરનેટ કોલ (VoIP) દ્વારા ધમકાવી કરોડો રૂપિયાની ખંડણી માંગવી એ તેનો મુખ્ય ધંધો છે. વાત ન માનનાર પર તે સ્થાનિક શૂટર્સ પાસે ફાયરિંગ કરાવે છે.

અમેરિકામાં ગેંગનું કામકાજ હરિચંદ જાટ ઉર્ફે હેરી બોક્સર ગેંગનું નેટવર્ક સંભાળે છે.તે રાજસ્થાનના કોટપૂતલી-બહરોડ (બાંસુર) વિસ્તારનો વતની છે. શરૂઆતમાં તે સેના અને પોલીસમાં ભરતી થવા માટે તૈયારી કરી રહ્યો હતો અને જયપુરમાં બોક્સિંગની તાલીમ લેતો હતો, જેના કારણે તેનું નામ 'હેરી બોક્સર' પડ્યું. જયપુરમાં બોક્સિંગ શીખતી વખતે તે સ્થાનિક ગુનેગારોના સંપર્કમાં આવ્યો. રાજસ્થાનના જયપુર, અલવર, સીકર અને ધૌલપુરમાં તેની સામે લૂંટ, જાનથી મારી નાખવાના પ્રયાસ અને હુમલાના ૧૦થી વધુ ગુનાહિત કેસો નોંધાયા છે. લોરેન્સ બિશ્નોઈ ગેંગના સંપર્કમાં આવ્યા બાદ તેણે લોરેન્સના નાના ભાઈ અનમોલ બિશ્નોઈ સાથે ગાઢ મિત્રતા બનાવી.અમેરિકા પલાયનઃ ભારતમાં પોલીસે દબાણ વધારતાં તે ૨૦૨૪માં ગેરકાયદેસર રીતે ('ડોંકી રૂટ' દ્વારા) અમેરિકા (USA) ભાગી ગયો અને ત્યાંથી ગેંગનું કામ સંભાળવા લાગ્યો છે. અનમોલ બિશ્નોઈનો ઇતિહાસઅનમોલ બિશ્નોઈ (ઉર્ફે ભાનુ) એ કુખ્યાત ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈનો નાનો ભાઈ છે. તે પંજાબના ફાઝિલ્કા જિલ્લાના દત્તારાંવાલા ગામનો વતની છે. લોરેન્સ બિશ્નોઈ જેલમાં ગયા પછી, અનમોલે ગેંગની જવાબદારીઓ સંભાળવાની શરૂઆત કરી. તેની સામે મની લોન્ડરિંગ, ખંડણી (Extortion), ટાર્ગેટ કિલિંગ, હથિયારોની સ્મગલિંગ અને આતંકવાદી ગતિવિધિઓ સહિત ૧૮ થી વધુ ગંભીર ગુનાહિત કેસો નોંધાયેલા છે. વિદેશ ભાગી જવુંઃ સિદ્ધુ મૂસેવાલાની હત્યા (મે ૨૦૨૨) પહેલાં, અનમોલ બિશ્નોઈ બોગસ/બનાવટી પાસપોર્ટના આધારે ભારતમાંથી ભાગી ગયો હતો. તે નેપાળ, દુબઈ અને કેન્યા થઈને અમેરિકા (USA) પહોંચ્યો હતો. મે ૨૦૨૨માં પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલાની હત્યાના કાવતરામાં તેની મુખ્ય ભૂમિકા હતી.એપ્રિલ ૨૦૨૪માં બોલિવૂડ અભિનેતા સલમાન ખાનના ઘર (ગેલેક્સી એપાર્ટમેન્ટ) બહાર થયેલા ગોળીબારની જવાબદારી સોશિયલ મીડિયા પર ફેસબુક પોસ્ટ દ્વારા અનમોલ બિશ્નોઈએ જ લીધી હતી. ઓક્ટોબર ૨૦૨૪માં મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી બાબા સિદ્દીકીની હત્યાના ષડયંત્રમાં પણ તેનું નામ સામે આવ્યું હતું. હાલમાં તે દિલ્હીની તિહાડ જેલમાં ન્યાયિક કસ્ટડીમાં છે. આ ગેંગનું યુરોપનું નેટવર્ક રોહિત ગોદારા સંભાળે છે. તેનું સાચું નામ રાવતારામ સ્વામી છે. તે રાજસ્થાનના બીકાનેર (લૂણકરણસર) નો વતની છે. જેલ દરમિયાન તે લોરેન્સ બિશ્નોઈ અને ગોલ્ડી બ્રારના સંપર્કમાં આવ્યો હતો. રાજસ્થાનમાં બિશ્નોઈ ગેંગનું વર્ચસ્વ ઊભું કરવા અને સ્થાનિક શૂટર્સનું નેટવર્ક તૈયાર કરવામાં રોહિત ગોદારાએ મુખ્ય ભૂમિકા ભજવી હતી. હાલમાં રોહિત ગોદારા યુરોપના દેશોમાં પોર્ટુગલ, સ્પેન, આઝરબૈજાન નજીક બિશ્નોઈ ગેંગનું ગ્રાઉન્ડ ઓપરેશન ચલાવે છે. યુએઇનું નેટવર્ક ગેંગનો સચિન થાપન ઉર્ફે સચિન બિશ્નોઈ ચલાવતો હતો જે હાલમાં પકડાઇ ચૂક્યો છે. તે લોરેન્સ બિશ્નોઈનો ભાણો (બહેનનો પુત્ર) થાય છે, જેના કારણે ગેંગના ટોચના નિર્ણયોમાં તેની મહત્વની ભાગીદારી રહી છે. તે રાજસ્થાનના ઝુનઝુનુ/શ્રી ગંગાનગર વિસ્તારનો વતની છે અને નાની ઉંમરથી જ મામા લોરેન્સ બિશ્નોઈના પ્રભાવ હેઠળ ગુનાખોરીની દુનિયામાં પ્રવેશ્યો હતો. તેની સામે દિલ્હી, પંજાબ અને રાજસ્થાનમાં ખંડણી, હત્યાના પ્રયાસ, ગેરકાયદે હથિયારોની સ્મગલિંગ અને ગેંગસ્ટર કાવતરાના અનેક કેસો નોંધાયેલા છે. પાકિસ્તાનમાં પણ આ ગેંગનું નેટવર્ક વિસ્તરેલું છે. રહાજી સિંહ મૂળ પંજાબ/સરહદી વિસ્તારનો વતની છે અને વિદેશ (મુખ્યત્વે યુરોપ/કેનેડા) ભાગી ગયા બાદ બિશ્નોઈ ગેંગના આંતરરાષ્ટ્રીય ઓપરેટિવ્સ અને ખાલિસ્તાની આતંકવાદી સંગઠનો સાથે જોડાયો હતો. રહાજી સિંહ ગેંગ માટે પાકિસ્તાનથી સરહદ પારથી ડ્રોન દ્વારા આવતા હથિયારો અને ડ્રગ્સની ખેપને પંજાબ, હરિયાણા અને રાજસ્થાનના શૂટર્સ સુધી પહોંચાડવાનું કામ કરે છે. તે 'બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ' (BKI) ના આતંકવાદી લંડા હરિકે અને રિંડા જેવા આતંકવાદીઓ તથા બિશ્નોઈ ગેંગના ગોલ્ડી બ્રાર વચ્ચે એક 'બ્રિજ' (મધ્યસ્થી) તરીકે કામ કરે છે. પાકિસ્તાનમાં જ બિશ્નોઇ ગેંગ માટે શહજાદ કામ કરે છે. તે પાકિસ્તાન સ્થિત હથિયારોનો સ્મગલર અને ગેરકાયદેસર નેટવર્કનો હેન્ડલર છે, જેનો સંપર્ક આંતરરાષ્ટ્રીય સ્તરે એક્સ્ટોર્શન અને આર્મ્સ સપ્લાય ગેંગ્સ સાથે છે. તે પાકિસ્તાનથી હેરોઇન અને અન્ય ડ્રગ્સની ખેપ ભારતમાં મોકલે છે. આ ડ્રગ્સના વેચાણથી મળતા પૈસાનો ઉપયોગ બિશ્નોઈ ગેંગ પોતાના શૂટર્સને ફંડ આપવા અને વિદેશી લક્ઝરી હાઇડઆઉટ્સ ખરીદવા માટે કરે છે.

## જીતવા માટે જરૂરી

એક યુવાન શતરંજ ખેલાડી, જે રાષ્ટ્રીય સ્તર સુધી પહોંચ્યો હતો, તે માનતો હતો કે સતત વધુમાં વધુ કલાકો સુધી પ્રેક્ટિસ કરવી એ જ સફળતાનું એકમાત્ર સૂત્ર છે. તે દિવસમાં ૧૪-૧૬ કલાક શતરંજની પોઝિશનનો અભ્યાસ કરતો અને ઊંઘ તથા આરામને ગૌણ ગણતો. શરૂઆતમાં તેની રેટિંગ ઝડપથી વધી, પણ પછી અચાનક તે એક પછી એક મહત્વની મેચ હારવા લાગ્યો – તે પણ સાવ નાની ભૂલોને કારણે, જે તેના જેવા રાષ્ટ્રીય કક્ષાના ખેલાડી ક્યારેય ન કરે.

તેના કોચ, જે એક ભૂતપૂર્વ ગ્રાન્ડમાસ્ટર હતા, તેમણે તેની રમતોનું વિશ્લેષણ કર્યું અને કહ્યું, 'તારી ભૂલો ટેકનિકલ નથી, એ થાકની ભૂલો છે. તારું મગજ થાકેલું છે, અને થાકેલું મગજ ચેમ્પિયનને પણ સામાન્ય ખેલાડી બનાવી દે છે.' ખેલાડીએ પહેલા આ વાત માનવાનો ઇનકાર કર્યો, કારણ કે તેને લાગતું હતું કે ઓછી પ્રેક્ટિસ એટલે ઓછી તૈયારી. તેણે કોચ સાથે દલીલ કરી, 'સર, હું પ્રેક્ટિસ ઓછી કરીશ તો મારી રમત પર ખરાબ અસર પડશે.' પણ કોચે કહ્યું, 'સતત પ્રેક્ટિસથી તારું મગજ થાકી જાય છે અને બરાબર નિર્ણય લઈ શકતું નથી.'

કોચે જણાવ્યું કે આજથી એક મહિનો હું કહું તે રીતે કરવાનું છે – એક મહિના માટે પ્રેક્ટિસના કલાકો ઘટાડીને માત્ર ૬ થી ૮ કલાક કરવા, સાથે ૮ કલાકની ઊંઘ અને દરરોજ હળવી શારીરિક કસરત કરવી. કલાક-બે કલાક અન્ય મનગમતી પ્રવૃત્તિ કે મિત્રો અને સ્વજનો સાથે વિતાવવો.

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

શરૂઆતમાં ખેલાડીને ડર લાગ્યો કે તે પાછળ પડી જશે. પણ મહિનાના અંતે, જ્યારે તે એક મોટી ટુર્નામેન્ટમાં રમ્યો, ત્યારે તેને પોતાની અંદર એક નવી માનસિક તીક્ષ્ણતા અનુભવાઈ. તે લાંબી મેચોમાં પણ છેલ્લે સુધી ધ્યાન કેન્દ્રિત રાખી શક્યો, જ્યાં પહેલાં તે થાકને કારણે ભૂલો કરતો. તેણે એ ટુર્નામેન્ટ જીતી અને પોતાની કારકિર્દીની સૌથી મોટી જીત મેળવી.

પછીના ઇન્ટરવ્યૂમાં તેણે કહ્યું, "મેં એક વર્ષ સુધી માની લીધું હતું કે વધુ કલાકો એટલે વધુ સફળતા. પણ સાચી વાત એ છે કે આરામ પામેલું મગજ છ કલાકમાં જે શીખે છે, થાકેલું મગજ ચૌદ કલાકમાં પણ એટલું નથી શીખી શકતું." તેના કોચે ઉમેર્યું, "શતરંજનું બોર્ડ ૬૪ ખાનાનું છે, પણ સાચી રમત તારા મગજની અંદર, આરામ અને મહેનતના સંતુલનમાં રમાય છે."

વધુ કલાકો કામ કરવું એ સફળતાની ગેરંટી નથી; આરામ પામેલું મન થાકેલા મન કરતાં વધુ અસરકારક રીતે કામ કરે છે.

# ઓસ્ટ્રેલિયાના ઈમિગ્રેશનના નિયમો: ભારતીયો માટે પડકાર

વર્લ્ડ વૉચ

ડૉ. જયનારાયણ વ્યાસ

ઓસ્ટ્રેલિયાની આ નીતિ પાછળ આવાસ સંકટ એક મહત્વપૂર્ણ કારણ છે!

ઓસ્ટ્રેલિયા ભારતીય વિદ્યાર્થીઓ, કુશળ વ્યાવસાયિકો અને કાયમી વસવાટ કરવા ઈચ્છતા લોકો માટે લાંબા સમયથી આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે. પરંતુ હવે ઓસ્ટ્રેલિયન સરકારે આવાસ સંકટ અને વધતા સ્થળાંતરને નિયંત્રિત કરવા માટે ઈમિગ્રેશનના નિયમોમાં મોટા ફેરફારો જાહેર કર્યા છે. ઈમિગ્રેશન મંત્રી ટોની બર્કે નેટ ઓવરસીઝ માઈગ્રેશનને હાલના આશરે ૨,૯૨,૦૦૦થી ઘટાડીને ૨૦૨૮ સુધીમાં ૨,૨૫,૦૦૦ કરવાનો લક્ષ્યાંક જાહેર કર્યો છે. સરકારનું કહેવું છે કે ઓસ્ટ્રેલિયાને ઈમિગ્રેશનની જરૂર છે, પરંતુ તે દેશની આર્થિક અને સામાજિક જરૂરિયાતો અનુસાર હોવું જોઈએ.

નવા નિયમોમાં સૌથી મહત્વપૂર્ણ ફેરફાર આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના પરિવારજનોને લગતો છે. મોટા ભાગના વિદેશી વિદ્યાર્થીઓ અભ્યાસ દરમિયાન પોતાના જીવનસાથી અને બાળકોને ઓસ્ટ્રેલિયામાં સાથે રાખી શકશે નહીં. જોકે, પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ માટે અપવાદ રાખવામાં આવ્યો છે. આ નિર્ણયથી ભારત અને ગુજરાતના એવા વિદ્યાર્થીઓ પર અસર થઈ શકે છે, જેઓ અભ્યાસ સાથે પરિવારને પણ ઓસ્ટ્રેલિયા લઈ જવાની યોજના ધરાવે છે. પરિણામે પરિવારથી દૂર રહેવાની સ્થિતિ, વધારાના ખર્ચ અને વિઝા આયોજન જેવા પ્રશ્નો ઊભા થઈ શકે છે.

સરકારે વિદ્યાર્થીઓ દ્વારા વારંવાર અભ્યાસક્રમ અથવા વિઝા બદલવાની પ્રક્રિયા, જેને વિઝા હૉપિંગ કહેવામાં આવે છે, તેના પર પણ નિયંત્રણો જાહેર કર્યા છે. હવે વિદ્યાર્થીઓને વધુ ઉચ્ચ સ્તરના અભ્યાસક્રમમાં આગળ વધવા પર ભાર મૂકવામાં આવશે. ઉદાહરણ તરીકે, સ્નાતક અભ્યાસ પછી અનુસ્નાતક અભ્યાસ તરફ આગળ વધવાનો માર્ગ મહત્વપૂર્ણ બની શકે છે. ભારતીય વિદ્યાર્થીઓએ ઓસ્ટ્રેલિયા જતાં પહેલાં અભ્યાસક્રમની ગુણવત્તા, કુલ ખર્ચ, વિઝા પાત્રતા, રોજગારની તકો અને કાયમી વસવાટના કાયદેસર વિકલ્પોનું મૂલ્યાંકન કરવું જરૂરી બનશે.

ઓસ્ટ્રેલિયાની આ નીતિ પાછળ આવાસ સંકટ એક મહત્વપૂર્ણ કારણ છે. સરકારનું માનવું છે કે સ્થળાંતરની સંખ્યા ઘટાડવાથી આવાસ એટલે કે મકાનની ઉપલબ્ધિને માંગ સાથે સંતુલિત થવા માટે સમય મળશે. જોકે, આવાસની સમસ્યા માત્ર સ્થળાંતરને કારણે ઊભી થતી નથી. મકાનોનું બાંધકામ, જમીનની ઉપલબ્ધતા, વ્યાજદર, બાંધકામ ખર્ચ અને શહેરી આયોજન જેવા પરિબળો પણ મહત્વપૂર્ણ છે, તેથી સ્થળાંતર ઘટાડવાથી આવાસની માંગ પર અસર થઈ શકે છે, પરંતુ તે સમસ્યાનો સંપૂર્ણ ઉકેલ નથી.

આંતરરાષ્ટ્રીય શિક્ષણ ઓસ્ટ્રેલિયાની અર્થવ્યવસ્થાનું મહત્વપૂર્ણ ક્ષેત્ર છે. વિદેશી વિદ્યાર્થીઓ શિક્ષણ ફી ઉપરાંત રહેઠાણ, પરિવહન અને અન્ય સેવાઓમાં ખર્ચ કરે છે. યુનિવર્સિટીઓએ ચિંતા વ્યક્ત કરી છે કે નવા નિયમોથી આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સંખ્યા અને આવક પર અસર પડી શકે છે. એક તરફ સરકાર આવાસ અને જાહેર સેવાઓ પરનું દબાણ ઘટાડવા માગે છે, તો બીજી તરફ ઓસ્ટ્રેલિયાના શિક્ષણ ક્ષેત્રને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની જરૂરિયાત પણ છે.

વર્કિંગ હોલિડે કાર્યક્રમમાં પણ ફેરફારો જાહેર કરવામાં આવ્યા છે. બીજા વર્ષના વિઝા માટે ૪૫,૦૦૦ અને ત્રીજા વર્ષ માટે ૫,૦૦૦ લોકોની મર્યાદા નક્કી કરવામાં આવી છે. કૃષિ ક્ષેત્રના સંગઠનોએ ચિંતા વ્યક્ત કરી છે કે આવા નિયંત્રણોથી ખેતરોમાં કામદારોની અછત ઊભી થઈ શકે છે. બીજી તરફ, બાંધકામ, આરોગ્યસંભાળ, શિક્ષણ, કૃષિ અને સંસાધનો જેવા ક્ષેત્રોમાં કુશળ કર્મચારીઓને પ્રાથમિકતા આપવાની દિશામાં સરકાર આગળ વધી રહી છે.

ગુજરાતી અને ભારતીય વિદ્યાર્થીઓ માટે હવે વિદેશી શિક્ષણનો નિર્ણય માત્ર ઓસ્ટ્રેલિયા પહોંચવા પૂરતો મર્યાદિત નથી. અભ્યાસક્રમ, ખર્ચ, પરિવારની પરિસ્થિતિ, રોજગાર અને ભવિષ્યના વિઝા વિકલ્પોનું સાવચેતીપૂર્વક આયોજન જરૂરી છે. ઓસ્ટ્રેલિયાના નવા નિયમો સ્થળાંતરના તમામ માર્ગો બંધ કરતા નથી, પરંતુ વધુ પસંદગી આધારિત અને નિયંત્રિત ઈમિગ્રેશન વ્યવસ્થા તરફ પરિવર્તન દર્શાવે છે. આવાસની જરૂરિયાતો અને કુશળ કર્મચારીઓની માંગ વચ્ચે સંતુલન જાળવવું હવે ઓસ્ટ્રેલિયન સરકાર માટે મુખ્ય પડકાર રહેશે. અગાઉ અમેરિકા અને કેનેડાએ પણ ઈમિગ્રેશન તેમજ વિઝા મુદ્દે કડક વલણ અપનાવ્યું છે ત્યારે હવે ઓસ્ટ્રેલિયા જવું પણ ભારતીય વિદ્યાર્થીઓ માટે મુશ્કેલ બની શકે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ભારતમાં નાગરિક સ્વતંત્રતા માટેની અવિરત લડત

સમયાંતર

રામચંદ્ર ગુહા

કોઈ હેતુમાં જેમનો કોઈ સીધો, વ્યક્તિગત કે ભૌતિક સ્વાર્થ નથી તેવા લોકો દ્વારા વંચિત જૂથના સમર્થનમાં કરવામાં આવતી સામૂહિક પ્રવૃત્તિ' તરીકે કરવામાં આવી છે

હું મોટે ભાગે મારી જાતે જ કામ કરું છું અને મેં અલ્મનાઈ એસોસિએશન્સ તથા વોટ્સએપ ગ્રૂપમાં જોડાવાનો પ્રતિકાર કર્યો છે. બીજા શબ્દોમાં કહું તો, હું વ્યાપકપણે ગ્રાઉચો માર્ક્સ જેવા જ વિચાર ધરાવું છું, જેમણે વિખ્યાત રીતે કહ્યું હતું કે તેઓ ક્યારેય એવી ક્લબમાં જોડાશે નહીં, જે તેમને પોતાના સભ્ય તરીકે સ્વીકારે. છતાં, 1980ના દાયકામાં દિલ્હીમાં થોડાં ટૂંકાં વર્ષો માટે હું 'પીપલ્સ યુનિયન ફોર ડેમોક્રેટિક રાઈટ્સ' (પીયુડીઆર) સાથે જોડાયો હતો, જે નાગરિકોનું એક એવું જૂથ હતું, જેણે ભારતીય નાગરિકો સામે કરેલા વિવિધ ગુનાઓ માટે ભારતીય રાજ્ય (સરકાર) ને જવાબદાર ઠેરવવાનો પ્રયાસ કર્યો હતો. હું ત્રિવેણી કલા સંગમ ખાતે યોજાતી પીયુડીઆરની શનિવારની બેઠકોમાં હાજરી આપતો. તેના અહેવાલો માટે મારી સ્ટાઈપેન્ડમાંથી ખૂબ જ મામૂલી રકમ ચૂકવતો અને એક વાર તો તેણે આયોજિત કરેલા તથ્ય-તપાસ જૂથમાં પણ જોડાયો હતો.

હું ક્યારેય પીયુડીઆરનો મુખ્ય સભ્ય નહોતો, માત્ર એક સહયાત્રી, તેના બાહ્ય વર્તુળમાં ભ્રમણ કરતો એક સહાનુભૂતિ ધરાવનાર વ્યક્તિ હતો.

અંકિતા પાંડેનું તાજેતરમાં પ્રકાશિત પુસ્તક 'બીકમિંગ એલાઇઝઃ સિવિલ લિબર્ટીઝ એક્ટિવિઝમ ઈન ઈન્ડિયા' વાંચતી વખતે પીયુડીઆરનો મારા માટે એક સમયે શું અર્થ હતો તેની યાદો પાછી આવી.

પાંડે નાગરિક સ્વાતંત્ર્ય જૂથોને એવા ઉદાહરણ તરીકે જુએ છે, જેને તેઓ 'એલાઇ એક્ટિવિઝમ' કહે છે, જેની વ્યાખ્યા 'કોઈ હેતુમાં જેમનો કોઈ સીધો, વ્યક્તિગત કે ભૌતિક સ્વાર્થ નથી તેવા લોકો દ્વારા વંચિત જૂથના સમર્થનમાં કરવામાં આવતી સામૂહિક પ્રવૃત્તિ' તરીકે કરવામાં આવી છે. જેમ કે તેઓ નોંધે છે, ભારતમાં નાગરિક સ્વાતંત્ર્ય ચળવળમાં બે વ્યાપક પ્રવાહો રહ્યા છે; એક, જે બંધારણમાં સંહિતાબદ્ધ કર્યા મુજબ નાગરિકોના અધિકારોનું રક્ષણ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને બીજો, જે વ્યાપક સામાજિક અને આર્થિક અધિકારો માટે હિમાયત કરે છે. તમામ અહેવાલો અનુસાર, સ્વતંત્ર ભારતમાં સૌથી જૂનું નાગરિક સ્વાતંત્ર્ય જૂથ કોલકાતા સ્થિત 'એસોસિએશન ફોર પ્રોટેક્શન ઑફ ડેમોક્રેટિક રાઈટ્સ' (એપીડીઆર) છે, જેણે 1970ના દાયકાની શરૂઆતમાં આકાર લીધો હતો. તેની શરૂઆતની ઝુંબેશોમાં નક્સલવાદી ચળવળ સાથે જોડાયેલા લોકો સાથે જેલમાં માનવીય વ્યવહાર કરવાની માંગ કરવાનો સમાવેશ થતો હતો. ક્રાંતિકારીઓએ પોતે 'બીડી-ચિઠ્ઠી આંદોલન' શરૂ કર્યું હતું, ત્યારબાદ એપીડીઆરએ આ માંગણીઓને વધુ વિસ્તારતાં તેમાં સારા ખોરાક અને રહેવાની પરિસ્થિતિઓ તથા પોતે કેદીઓની મુક્તિનો પણ સમાવેશ કર્યો.

જો એપીડીઆર કાલક્રમિક રીતે આ જૂથોમાં પ્રથમ હતું, તો કદાચ તેના કામના વ્યાપમાં સૌથી વિસ્તૃત 'પીપલ્સ યુનિયન ફોર ડેમોક્રેટિક રાઈટ્સ' રહ્યું છે. દાયકાઓ દરમિયાન, પીયુડીઆરે લગભગ ત્રણસો અહેવાલો પ્રકાશિત કર્યા છે, જેમાં અંડરટ્રાયલ (કાચા કામના કેદીઓ) પર પોલીસ અત્યાચાર, એન્કાઉન્ટરમાં મોત, અસંગઠિત શ્રમિકોની ખરાબ હાલત, આદિવાસીઓને જંગલો અને અન્ય નૈસર્ગિક સંસાધનોના અધિકારોથી વંચિત કરતા કાયદા, મહિલાઓ સામેના ગુનાઓ, દલિતો સામેની હિંસા અને ધાર્મિક લઘુમતીઓ સામે રાજ્યના પક્ષપાત જેવા મુદ્દાઓનું દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે. આમાંથી ઘણા (જોકે તમામ નહીં) અહેવાલો પીયુડીઆરની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. પાંડેના પુસ્તકનું એક મુખ્ય પ્રકરણ ફેક્ટ-ફાઈન્ડિંગ અહેવાલો પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે 'ભારતમાં નાગરિક સ્વાતંત્ર્ય જૂથો માટે સક્રિયતાનો મુખ્ય પ્રકાર' છે. આ અહેવાલો હિંસા ભડકાવવામાં અને તેના દ્વારા નાગરિકોની સલામતી, સુરક્ષા અને લોકશાહી અધિકારોનું ઉલ્લંઘન કરવામાં રાજ્ય અને સરકારી અધિકારીઓની સંડોવણીનું દસ્તાવેજીકરણ કરવાનો પ્રયાસ કરે છે. પીયુડીઆર અને એપીસીએલસી જેવા જૂથોના કેટલાક અગ્રણી કાર્યકરો મહિલાઓ હતી. જોકે, તેમના પુરુષ સહકર્મીઓ માનતા હતા કે ધ્યાન માત્ર નાગરિકો સામે રાજ્ય દ્વારા કરવામાં આવતી જાહેર હિંસા પર જ હોવું જોઈએ અને દલીલ કરતા હતા કે પરિવાર કે ઘરના ક્ષેત્રમાં થતી હિંસા તેમની ચિંતાનો વિષય ન હોવી જોઈએ. મહિલા કાર્યકરો દ્વારા આના પર સવાલ ઉઠાવવામાં આવ્યા હતા, જેમણે નિર્દેશ કર્યો હતો કે, ઉદાહરણ તરીકે, ભારતના કેટલાક ભાગોમાં દહેજ માટે થતાં મૃત્યુની સંખ્યા સામાન્ય હિંસામાં થતાં મૃત્યુ કરતાં વધુ હતી. આખરે, આ જૂથોએ એ સ્વીકાર્યું કે મહિલાઓના અધિકારો ખરેખર લોકશાહી અધિકારોના વ્યાપક માળખાનો એક મુખ્ય ભાગ હતા અને આ તત્ત્વને તેમના કાર્યમાં સામેલ કર્યું.

'બીકમિંગ એલાઇઝ'માં અંકિતા પાંડે નોંધે છે કે નાગરિક સ્વાતંત્ર્ય જૂથોમાં સક્રિય લોકો અસમાન રીતે ત્રણ વ્યવસાયોમાંથી આવે છે; શિક્ષણવિદો, પત્રકારત્વ અને કાયદો. પગારદાર મધ્યમ વર્ગના આ સભ્યો ત્યાગ અને આદર્શવાદની ભાવનાથી પ્રેરિત છે, જેઓ ભારતને વધુ ન્યાયી અને માનવીય સમાજ બનાવવાનો પ્રયાસ કરે છે. તેમનું ચરિત્ર ઘણીવાર નમ્રતા દ્વારા ચિહ્નિત થાય છે, જેમાં તેઓ પોતાની ભૂમિકાને ગૌણ ગણે છે. પાંડેએ વકીલ સુધા ભારદ્વાજને ટાંકીને કહ્યું છે કે, બે અગ્રણી શિક્ષણવિદોની પુત્રી અને ખુદ પ્રતિષ્ઠિત આઈઆઈટી કાનપુરનાં સ્નાતક એવા સુધા ભારદ્વાજ ભારતીય રાજ્ય દ્વારા તેમના જેલવાસ વિશે કહે છેઃ 'કોઈ શંકા નથી કે જેલમાં ત્રણ વર્ષ દર્દનાક રહ્યા છે, પરંતુ મારા કરતાં પણ વધુ અભાગી ઘણા લોકો છે. મારું હૃદય તેમના માટે તરફડી ઊઠ્યું. જ્યારે તમે આટલી બધી મુશ્કેલીઓની વચ્ચે હોવ, ત્યારે પોતાના માટે દુઃખી થવું મુશ્કેલ બની જાય છે; તમારે બીજાને મદદ કરવી પડે છે.'

આ સ્વ-અભિવ્યક્તિ સ્વર્ગસ્થ સી. વી. સુબ્બા રાવની પણ લાક્ષણિકતા હતી, જેઓ વર્ષો સુધી 'પીપલ્સ યુનિયન ફોર ડેમોક્રેટિક રાઈટ્સ'ના પ્રેરણાદાયી આત્મા હતા. અંકિતા પાંડેના 'બીકમિંગ એલાઇઝ'માં તેમનો કોઈ ઉલ્લેખ નથી, છતાં આ પુસ્તક 1984ના શીખ વિરોધી રમખાણો પરના સીમાચિહ્નરૂપ અહેવાલ 'હૂ આર ધ ગિલ્ટી'થી શરૂ થાય છે. સુબ્બા રાવે આ અહેવાલ લખવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી, જેમ કે તેમણે પીયુડીઆરના કામને વ્યાપકપણે આકાર આપ્યો હતો. પાંડેના નિવેદનમાં તેમની ગેરહાજરી માટે તેમને દોષી ઠેરવી શકાય નહીં, કારણ કે તે માત્ર એ વાતનું પ્રતીક છે કે કેવી રીતે તેમણે પોતે અન્યો માટે કરેલા કામનો શ્રેય લેવાનો ઈનકાર કર્યો હતો. સુબ્બા રાવને ખરેખર શું હતા તે જાણવા માટે તેમને રૂબરૂ મળવું અને નિહાળવું પડતું હતું, એટલે કે ભારતીય લોકશાહીના એક સાચા નાયક.

આવી ક્ષતિઓ હોવા છતાં, અંકિતા પાંડેનું 'બીકમિંગ એલાઇઝ' સમગ્ર નાગરિક સ્વાતંત્ર્ય ચળવળની એક મૂલ્યવાન સમીક્ષા પૂરી પાડે છે અને તેને સ્વર્ગસ્થ નિરંજન દત્તાના 'સિવિલ લિબર્ટીઝ મૂવમેન્ટ ઈન ઈન્ડિયાઃ ફ્રોમ કોલોનિયલ ટાઈમ્સ ટુ ધ પ્રેઝન્ટ' સાથે વાંચી શકાય છે. વર્તમાન સંદર્ભમાં આ પુસ્તકો ખાસ કરીને સમયસરનાં છે, જ્યારે લોકશાહી વિચારસરણી ધરાવતા નાગરિકો બહુવિધ અસરોનો સામનો કરી રહ્યા છે–અન્ય બાબતોની સાથે, મીડિયાની લાપરવાહી, પોલીસની બર્બરતા, અદાલતોની બિન-સંવેદનશીલતા અને મોદી શાસનનો સક્રિય વિરોધ. વધતા જતા સરમુખત્યારશાહી અને બહુમતીવાદના પ્રકાશમાં ભારતને હવે પહેલાં કરતાં વધુ નાગરિક સ્વાતંત્ર્ય કાર્યકરોની જરૂર છે.

-આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## સૌ કોઈના પ્રિય શ્રી ગણેશા

આજે આપણે વાત કરીશું વિઘ્નહર્તા અને પ્રથમ પૂજનીય શ્રી ગણેશજીની. ગણેશજીનું આગમન સમાજમાં એકતા, વેપારમાં વૃદ્ધિ અને જીવનમાં સમૃદ્ધિ લાવે છે. ગણેશ ચતુર્થી દરમિયાન સ્થાપના અને આગમનથી સમગ્ર સમાજમાં આનંદ, ઉત્સાહ અને ભક્તિનું વાતાવરણ સર્જાય છે. આ તહેવાર માત્ર ધાર્મિક આસ્થા પૂરતો સીમિત નથી, પરંતુ સમાજમાં એકતા વધારવા અને વિવિધ વ્યવસાયોને પ્રોત્સાહન આપવા પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ગણેશજીની સ્થાપના માટે સોસાયટી, મહોલ્લા, ગામ કે શહેરમાં વિવિધ વર્ગના લોકો ભેદભાવ વિના સાથે મળે છે. મૂર્તિ સ્થાપના, શણગાર, આરતી, પ્રસાદ વિતરણ અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં સૌ સહભાગી બને છે. ગણેશોત્સવ દરમિયાન મૂર્તિઓ, ફૂલો, પૂજાસામગ્રી, સજાવટની વસ્તુઓ, લાઈટિંગ, મીઠાઈ અને પ્રસાદની માંગ વધે છે. મૂર્તિના કારીગરો, ફૂલવાળા, નાના વેપારીઓ ઉપરાંત પંડાલ, ડેકોરેશન, સાઉન્ડ, ઈલેક્ટ્રિશિયન, પરિવહન, પ્રિન્ટિંગ, ફોટોગ્રાફી અને કેટરિંગ જેવા વ્યવસાયોને પણ લાભ મળે છે. આમ, ગણેશોત્સવ સ્થાનિક અર્થતંત્રને ગતિ આપે છે. ઉજવણીમાં આનંદ અને ઉત્સાહ હોવો જોઈએ, પરંતુ ગણેશજીની ગરિમા જળવાય તે જરૂરી છે. સંગીત હોય, પરંતુ અતિશય ઘોંઘાટ નહીં; શણગાર હોય, પરંતુ દેખાડો નહીં. ગણેશજીના આગમનથી વિસર્જન સુધી પવિત્રતા અને માન-સન્માન જળવાય એ સૌની જવાબદારી છે. ભક્તિ સાથે શિસ્ત અને સ્વચ્છતા જાળવીને તહેવાર ઉજવીએ તો તેની સુંદરતા નિખરશે. ગણપતિ બાપા મોરિયા!

**સુરત - કૃણાલ કંસારીવાલા**

## ગુજરાતમિત્રની હરણફાળ

કોઈપણ પ્રાણી કરતાં હરણ સૌથી વધુ દોડે છે. એટલે જ ગુજરાતીમાં 'હરણફાળ દોડ' કહેવાય છે. ૧૬૪મા વર્ષમાં પ્રવેશ કરનાર, વહેલી સવારના અનિવાર્ય અંગ ગણાતા 'ગુજરાતમિત્ર'એ આજે અખબારી ક્ષેત્રે સ્પર્ધાત્મક વાતાવરણ હોવા છતાં પોતાની નીતિ, મૂલ્યો અને સિદ્ધાંતો જાળવી રાખ્યા છે. તંત્રીલેખ, અગ્રલેખ, વિવિધ કોલમો અને પૂર્તિઓનો રસથાળ વાંચકોને રોજ પીરસે છે. તટસ્થ દેશ-વિદેશના સમાચારોની સાથે 'ચર્ચાપત્રો' જેવી કોલમને પણ રોજ સ્થાન આપે છે. ૧૮૬૩માં જે બીજ રોપવામાં આવ્યું હતું તે આજે વટવૃક્ષ બની ગયું છે.

'ગુજરાતમિત્ર' દિન-પ્રતિદિન પ્રગતિના સોપાનો સર કરે તેવી શુભકામના. અંતમાં કહીશ, 'જબ તક સૂરજ-ચાંદ રહેગા, 'ગુજરાતમિત્ર' તેરા નામ રહેગા.'

**તરસાડા - પ્રવિણસિંહ મહીડા**

## ક્યુઆર કોડ આઉટ ઓફ ઓર્ડર

સરકાર દ્વારા આગામી 15મી ઓક્ટોબરથી રૂપિયા 2,000થી વધુના પેમેન્ટ પર યુપીઆઈ ચાર્જ લગાવવાનો નિર્ણય લેવાયા બાદ તેની ચર્ચા શરૂ થઈ છે. સરકારનું કહેવું છે કે ચાર્જ ગ્રાહક પાસેથી નહીં, પરંતુ દુકાનદાર પાસેથી લેવામાં આવશે. જોકે દુકાનદાર પોતાના ખિસ્સામાંથી આ વધારાનો ખર્ચ ભોગવશે કે તે ગ્રાહક પર નાખશે, તે સવાલ છે.

યુપીઆઈના કારણે છૂટા પૈસા અને પરચુરણની સમસ્યા મહદંશે હલ થઈ હતી. હવે કેટલાક વેપારીઓ ક્યુઆર કોડ બંધ હોવાનું કહી રોકડ પેમેન્ટ માગી શકે અથવા યુપીઆઈ પેમેન્ટ માટે વધારાની રકમ વસૂલી શકે તેવી ભીતિ વ્યક્ત થઈ રહી છે.

ટ્રેન ટિકિટ બુકિંગ, વીમા અને ફ્યુઅલ જેવી કેટલીક મર્ચન્ટ કેટેગરીમાં રૂ. 2,000થી વધુના યુપીઆઈ વ્યવહારમાં પ્રતિ ટ્રાન્ઝેક્શન રૂ. 5નો ફ્લેટ ચાર્જ લાગશે.

લોકો ચાર્જથી બચવા માટે મોટી રકમના પેમેન્ટને નાના હિસ્સામાં વહેંચવાનું વિચારી રહ્યા છે. યુપીઆઈ ચાર્જ સામે સુપ્રીમ કોર્ટમાં અરજી પણ થઈ છે. કેશલેસ અર્થતંત્ર તરફ આગળ વધતા દેશમાં આ નિર્ણયથી લોકો ફરી રોકડ વ્યવહાર તરફ વળશે કે નહીં તે જોવું રહ્યું.

**નવસારી - ડૉ. જે. એમ. નાયક**

## ખાલીપણાનું સામ્રાજ્ય

હજારો લોકોની વચ્ચે ઘણાં લોકો એકલતા અનુભવતા હોય છે. આવું કેમ? બનાવટી હાસ્ય સાથે વ્યક્તિ શ્વસે છે, હરે છે, ફરે છે, પણ અંદરથી, મનથી અસમંજસ હોય છે. એનો ચહેરો વાંચી ક્યારેક મિત્રો કે સ્વજનો શાબ્દિક દિલાસો આપે છે, "ચિંતા ન કરીશ. હું છું ને! કંઈ કામકાજ હોય તો જણાવજો." પણ સત્ય એ છે કે જ્યારે વ્યક્તિને કોઈના ટેકાની જરૂર હોય ત્યારે લોકો એને ટોકે છે. જ્યારે વ્યક્તિને માનસિક સહારાની કે પોતાના મનની વાત કરવા અવકાશની જરૂર હોય છે ત્યારે એક પણ વ્યક્તિ આસપાસ નથી હોતી. કેવી વિટંબણા!

કેટલીકવાર વ્યક્તિને માત્ર એક ખભો જોઈતો હોય છે, જ્યાં એ અનાવૃત થઈ શકે, રડી શકે, પણ કમનસીબે એકલતા કે નિરાશા સિવાય કંઈ હાથ નથી લાગતું. વળી, કેટલાક અંતર્મુખી પોતે સમાજમાં ખુલ્લા પડી જવાની બીકે પોતાની ખૂબ નજીકની વ્યક્તિને પણ અંગત સમસ્યા જણાવતા નથી. સંયુક્ત કુટુંબમાં વડીલોની હૂંફ, સમજ, માર્ગદર્શન અને મદદ મળી રહે છે, જેથી સમસ્યાનો ઉકેલ મળી જાય છે. હવે વિભક્ત કુટુંબવ્યવસ્થા ફૂલી-ફાલી છે ત્યારે મનની વાત સાંભળનાર કોઈ નથી. સમાજ ધીમે ધીમે તૂટી રહ્યો છે અને આલીશાન ઘરોમાં ખાલીપણાનું, એકલતાનું સામ્રાજ્ય વધી રહ્યું છે. પરસ્પર સંવેદના, ફિકર અને અનુરાગ રહ્યો નથી, જે તંદુરસ્ત સમાજવ્યવસ્થા માટે ખતરારૂપ છે.

**સુરત - અરુણ પંડ્યા**

## હિસાબ માંગનાર સોસાયટીનો સાચો દુશ્મન છે?

દર વર્ષે ઓડિટ થાય, રિપોર્ટ છપાય અને સભ્યોના ફ્લેટ સુધી પહોંચે એટલે હિસાબ એકદમ ચોખ્ખો! પરંતુ કોઈ સભ્ય એટલું જ કહે કે, "સાહેબ, ઓડિટ રિપોર્ટ વાંચી લીધો, હવે જે બેંક સ્ટેટમેન્ટ પરથી ઓડિટ થયું છે એ બતાવો, વાઉચર, રસીદો, બિલો અને કયા ઠરાવથી ખર્ચ થયો એ પણ બતાવો," તો અચાનક તેને સોસાયટીનો દુશ્મન ગણવામાં આવે છે.

મજાની વાત એ છે કે ઓડિટ રિપોર્ટ બતાવવામાં તકલીફ નથી, પરંતુ જે દસ્તાવેજોના આધારે ઓડિટ થયું છે એ બતાવવામાં કેમ મુશ્કેલી પડે છે? સવાલ પૂછનાર સભ્યને શંકાશીલ કે વિવાદી ગણવાને બદલે સીધો જવાબ આપવો જોઈએ, "આ રહ્યો હિસાબ, જોઈ લો." આવું કરવાથી હોદેદારો પ્રત્યે સભ્યોનો વિશ્વાસ પણ વધશે.

સોસાયટી ખાનગી દુકાન નથી અને સભ્યોના પૈસા કોઈની વ્યક્તિગત મિલકત નથી. હિસાબ માંગનાર સભ્ય ગુનેગાર નથી અને હિસાબ આપનાર હોદેદાર કોઈ ઉપકાર કરતો નથી. સોસાયટીમાં લોકશાહીનો અર્થ માત્ર ચૂંટણીના દિવસે મત આપવો નથી; બાકીના દિવસોમાં પોતાના પૈસાનો હિસાબ પૂછવાનો અધિકાર પણ છે. આખરે વાત સીધી છે–હિસાબ ચોખ્ખો હોય તો કાગળોને બોલવા દો.

**સુરત - ગિરીશ પોપટ**

## યોગ્ય કહેવાય ?

આપણા દેશમાં ટેક્ષ પર ટેક્ષ અને ડબલ ટેક્ષેસન તો છે, પરંતુ જો તમે કોઈ ટ્રેનમાં આરક્ષણ કરો અને ટિકિટો પુષ્ટિ માટે પ્રતીક્ષા સૂચિ ના થાય તો પણ રદ કરવા બદલનો ચાર્જ આપણે ચુકવવો પડે છે, આ વાત સમજાતી નથી, હા, હું સંપૂર્ણપણે સહમત છું કે જો તમે કન્ફર્મ ટિકિટ રદ કરો છો, તો તમારે ચાર્જ ચૂકવવો પડે. આ બાબતમાં સરકાર તેના વિશે વિચારશે? રેલવે ટિકિટ કન્ફર્મ હોય તો તે મુસાફરી માટે હોય છે. ટિકિટની પુષ્ટિ અને રિઝર્વેશન સંપૂર્ણપણે IRCTC પર આધારિત છે. જો તમે પુષ્ટિ ન આપતા હોવ, તો તેમાં મુસાફરોનો કોઈ વાંક નથી. આ મુદ્દા વાત વિવાદ થવો જોઈએ.

**સુરત - જિજ્ઞેશ બક્ષી**